ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0




"કેમ રહી દિવાળી..?!"

"અરે યાર દિવાળી એટલે દિવાળી..! ફટાકડા ફોડીએ... રંગોળી પુરીએ અને મીઠાઈની મીજબાની કરીએ... સહુ સાથે મળી આનંદ ઉલ્લાસ કરીએ... એટલે દિવાળી..." "પણ મને એમ લાગે છે કે આ વખતે દિવાળીમાં ગીફ્ટ બોક્સ ઢગલાબંધ આવ્યા નહિ..?!"

"હજુય વહેંચાય છે..! આજે જુઓને..! આશાવર્કરોને વહેંચાયા... નોન ગ્રાન્ટેડ સ્કૂલોને વહેંચાયા... ખેડૂતોને વહેંચાયા અને સાંજે જેટલી સાહેબે મો...ટુ... જીએસટીનું પેકેજ આપ્યું..!!"

"ખરૂ છે નહિ..?! આ બધુ ચૂંટણી ટાણે જ યાદ આવે છે..!! જો આ પહેલેથી જ કર્યુ હોત તો..! પેલા છાજીયા ના લેવાયા હોત... લાઠીચાર્જ ના થયા હોત..! ધરણા-રેલીઓ ના થઈ હોત..! અને તમારે આટલા કાલાવાલાય ના કરવા પડ્યા હોત..!!"

"અમે ક્યાં કાલાવાલા કરીએ છીએ... અમારી કામગીરી તો જુઓ..!! અમારે પરફોર્મન્સ પર વોટ લેવાના છે..! કોઈની મહેરબાની પર થોડા વોટ લેવાના છે..?! વિકાસ જુઓ વિકાસ..!! ક્યાંથી ક્યાં લઈ ગયા છીએ રાજ્યને..?! અને કેવી ઝડપી ગતિ છે દેશના વિકાસની..!!"

"ઓ...હો...હો..!! હજુ તો એજ ફાંકો છે તમારો... બાવીસ વર્ષ સુધી ચેરમેનો ના નીમ્યા ને છેલ્લા અઠવાડીયામાં ચેરમેનો નિમાયા..!?! પેલી આશાવર્કરો બિચારી ગામેગામ ને ગલીએ-ગલીએ ભટકી ત્યારે તમે એમનું સાંભળ્યું નહિ... ને હવે જ્યારે રેલો છેક પહોંચ્યો ત્યારે જાહેરાતો કરી..!! એનો શું અર્થ છે..?! સાહેબ ભૂખ લાગી હોય ત્યારે જ ખાવાનુ મળે એની કિંમત છે..!!"

"તમે તો ક્યાંથી ક્યાં લઈ જાઓ છો..?! એ તો બધાની અપેક્ષા તો ઓછી સંતોષાય... એનો યોગ્ય સમય આવે ત્યારે જ વિચાર થાય ને..?! બોણી તો દિવાળી પછી જ અપાય..! કંઈ રોજ રોજ..!!"

"હં... હં...અ..! એટલે આને બોણી ગણવી કે લ્હાણી ગણવી..?!"

"જેને જે ગણવું હોય તે ગણે..! અમે અમારૂં કામ કરીએ છીએ..!! હાથી તો એની મસ્તીમાં જ ચાલે... પછી પાછળ ભલેને..!!"

"હજુ તો તમારો પારો નીચે ઉતરતો જ નથી હોં..!! હજુ તો હવામાં જ છો..?!"

"શેનો ઉતરે...! નોટબંધી... જીએસટી... બાદ પણ જેટલી જેટલી ચૂંટણીઓ થઈ છે... એમાં જીત્યા તો અમે જ છીએને..?! અને હજુય અમે જ જીતવાના..! લખી રાખો સામેની ભીંતે..!!"

"સાહેબ... આત્મવિશ્વાસ અને અહંકારની વચ્ચે એક નાનકડી ભેદ રેખા છે... એ તમે ભૂલતા જાઓ છો કે ભુંસતા જાઓ છો એ ખબર નથી... પણ યાદ રાખજો... રાવણનો વધ રામે નહીં, પણ એના અહંકારે કર્યો હતો..!!" "બહુ સંભળાવી દીધું હોં તમે..!! એ વાત સાથે તો હું સહમત છું..!! અભિમાન તો કોઈનું ટક્યું નથી ને ટકવાનુંય નથી..!! આ જગત સત્ય વ્યક્તિગત જીવનથી વૈશ્વિક જીવન સુધી છવાયેલું છે..!!"

"સો ટકા સાચી વાત છે..! તમારી..!! જીવનમાં પદ, પ્રતિષ્ઠા કે પૈસાનું અભિમાન પતનનું કારણ બને છે..!! નિખાલસ અને નિષ્ઠાવાન જીવનનો સાર્વત્રિક સ્વીકાર થાય એ જ જીવનમંત્ર હોવો જોઈએ..!! સોચ ભલા તો હોગા ભલા..!!

- નિમિત્ત માત્ર



અક્ષરધામમાં સનાતન શૉ : દિવાળી પર્વો નિમિત્તે અતિઆધુનિક ટેકનોલોજીથી તૈયાર કરાયેલ અક્ષરધામની ગાથા અને સંદેશ આપતો શૉ માણવા ભાવિકોની ભીડ ઉમટે છે. જીવનના મૂલ્યો અને પ્રમુખ સ્વામીના સંદેશ અદ્‌ભુત રીતે પ્રસ્તુત કરાતો અનોખો શૉ અક્ષરધામનું અદ્‌ભુત આકર્ષણ બન્યો છે.

# ગાંધીનગર (ઉ) અને (દ)ની બેઠક પરથી ચૂંટણી લડવા ભાજપના પ્રદેશ નેતાઓ ઈચ્છુક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પૈકી ગાંધીનગર (ઉ) અને (દ) એમ બન્ને બેઠકો પર ભાજપના પ્રદેશ અગ્રણીઓની નજર બની હોઈ ઉમેદવારની પસંદગી માટે પેનલ તૈયાર કરવામાં નહિ આવી હોવાની વાતોએ પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યની કેટલીક બેઠકો માટે ઉમેદવારની પસંદગી માટે એક ખાનગી કંપનીને સર્વેની જવાબદારી સોંપવામાં આવી છે. જે જ્ઞાતિના સમીકરણો, વર્તમાન સભ્યોની કામગીરી, કાર્યકરોમાં શુ પ્રતિભાવ, કોણ વિકલ્પ બની શકે તેમનો અગ્રતાક્રમ તમારી દષ્ટિએ શું હોઈ શકે તેવા વિવિધ પ્રકારના ૧૮થી વધુ પ્રશ્નો સાથે આ સર્વે કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર (ઉ) અને (દ) બન્ને બેઠકો પ્રદેશના કેટલાક આગેવાનો સેઈફ હોવાનુ માની પોતે લડવા આતુર હોવાનુ મન પ્રદેશ નેતાગીરીને જણાવી દીધુ હોવાની વાતો પણ આ વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પણ લડવા માટે ઈચ્છુકોની યાદીમાં હોવાની વાતો થઈ રહી છે. જો કે પ્રદેશ એકમે નીતિનભાઈ મહેસાણાથી લડશે જ તેવી વાતો કરી કેટલાક કાર્યકરો આ વાતને ખારીજ કરી રહ્યા છે. ગાંધીનગર (દ)ની બેઠક માટે નરહરિ અમીન પણ દાવેદારોમાં હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. જો કે ગઈકાલના અલ્પેશના શક્તિપ્રદર્શન પછી પ્રદેશ નેતાગીરી અહિ કોઈ અન્યને ટિકિટ ફાળવે છે કે પછી શંભુજીને પુનઃ મેદાનમાં ઉતારશે તેમ મનાઈ રહ્યુ છે.

જો કે ગાંધીનગરની બન્ને બેઠકો માટે પ્રદેશ આગેવાનોની ઈચ્છાઓ પ્રબળ હોવાની વાતોને લઈ કાર્યકરોની ખાનગી ચર્ચાઓ હવે લોકજીભે રમતી થઈ ગઈ છે.

## સર્કલ ઈન્સ્પેક્ટરની જગ્યા પંચાયત વિસ્તરણ અધિકારી તરીકે કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકારના પંચાયત વિભાગે સર્કલ ઈન્સ્પેક્ટરની જગ્યાને પંચાયત વિસ્તરણ અધિકારીની કેડરમાં અપગ્રેડ કરવાનો મહત્વનો નિર્ણય લીધેલ છે. દરેક તાલુકામાં તલાટી સંવર્ગમાંથી સર્કલ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવતી હોય છે. રાજ્યના પંચાયત વિભાગે આ અંગેના જરૂરી હુકમો પણ કરી દીધા છે. તલાટી કમ-મંત્રીઓને બઢતી મેળવવા અને પગાર ધોરણના થતા અન્યાય બાબતે રાજ્ય સરકારે અધિક મુખ્ય સચિવ શ્રી (ક.ગ.)ની અધ્યક્ષતામાં રચેલી સમિતિએ કરેલી ભલામણનો સ્વીકાર કરી આ હુકમ કર્યા હોવાનુ હુકમમાં જણાવાયુ છે.

ઉચ્ચતર પગારધોરણમાં તેમને ૨૮૦૦૦નું પે બેક વિસ્તરણ અધિકારી પંચાયત તરીકે મળશે તેમ પણ જણાવાયુ છે.

જો કે તે માટે દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળ્યો હશે તો તે મળવાપાત્ર થશે.

# ભાજપ દ્વારા લાંચ આપવાના મામલે નરેન્દ્ર પટેલની કોર્ટમાં અરજી

## વરૂણ પટેલ, જીતુભાઈ વાઘાણી, રૂત્વીજ પટેલ અને ભરત પંડ્યા સહીત છ વ્યક્તિ સામે ગાંધીનગર કોર્ટમાં કરી અરજી

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યભરમાં ચકચાર મચાવી દેનાર ભાજપના કેશકાંડને પાસના કન્વીનર નરેન્દ્ર પટેલે ખુલ્લો પાડ્યા પાદ એક કરોડમાં ખરીદવાની ઓફર મુકી રૂ. ૧૦ લાખની લાંચ આપવાના પ્રકરણમાં આજે ગાંધીનગર કોર્ટમાં અરજી કરી છે. નરેન્દ્ર પટેલે ગાંધીનગર કોર્ટમાં વરૂણ પટેલ, જીતુભાઈ વાઘાણી, રૂત્વીજ પટેલ અનો ભરત પંડ્યા સહીત છ વ્યક્તિઓના નામજોગ અરજી કરી છે. આ ગુનાના કામે મુદ્દામાલ રૂ. ૧૦ લાખ રોકડ કોર્ટમાં જમા કરવા અંગે નરેન્દ્ર પટેલ દ્વારા પુરસીસ પણ કરી છે.



નરેન્દ્ર પટેલ પાટીદાર અનામત આંદોલન સમિતિના મહેસાણાના કન્વીનર છે. તેમણે ગાંધીનગર ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલી અરજી મુજબ વરૂણ પટેલ જ્યારથી ભાજપમાં જોડાયો ત્યારથી નરેન્દ્ર પટેલને અલગ અલગ નંબર પરથી ફોન કરવાનું ચાલુ કર્યુ હતુ. અને લાલચ આપતો હતો કે હુ ભાજપમાં જોડાઈ ગયો છુ તમે પણ જોડાઈ જાવ. ઘણા બધા આર્થિક લાભો મળશે..! પાટીદાર સમાજમાં ભાજપ કેવી રીતે તોડફોડ કરે છે તે જાણવા નરેન્દ્ર પટેલે આ વાર્તાલાપ વરૂણ સાથે ચાલુ રાખ્યો. વરૂણે આંદોલન પડતુ મુકી ભાજપમાં જોડાઈ જવા બેઠક કરવાની વાત કરી એટલે આંદોલન તોડવા કોણ ડીલ કરી રહ્યુ છે તે સહિતની હકીકત જાણવા વરૂણની વાતમાં નરેન્દ્ર પટેલે હા-હા કરી..!

(● અનુ. ૬ઠ્ઠા પાને)

# શહેરમાં વાહકજન્ય રોગચાળો વકર્યો ડેન્ગ્યુના પાંચ કેસ મળી આવતાં તંત્ર ચોંક્યુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરી રહ્યો છે. જેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ચિકનગુનિયાના મળેલા કેસના અહેવાલની શાહી હજુ સુકાઈ નથી ત્યાં શહેરમાં આજે પાંચ કેસ ડેન્ગ્યુના મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૨, ૩, ૪, ૨૦ અને ૨૫માંથી આ કેસો મળી આવ્યા છે. જેમાં ચાર પુરૂષ દર્દી અને એક મહિલા દર્દી હોવાનું જાણવા મળેલ છે. આ સાથે શહેરમાં ચાલુ વર્ષે ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૨૫ પર પહોંચી છે.

તંત્ર દ્વારા મળી આવેલા ડેન્ગ્યુના દર્દીઓના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે તેમજ દર્દીના ઘરે ફોગીંગ અને એન્ટીલારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વાહકજન્ય રોગના છુટાછવાયા દર્દીઓ જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ માટે અલાયદુ જન-જાગૃતિ અભિયાન છેડવાની પણ શહેરી મેલેરિયા તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં એબેટ ડે ની ઉજવણી પર વિશેષ ભાર મુકવા માટે તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.



**બેસણું**

અમારા પિતાશ્રી **ચિનુભાઈ ડી. શ્રીમાળી (બ્રહ્માકુમારીના સાધક, હાલ પ્લોટ નં.૮૩૧, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર ખાતે સ્થાયી)**નું તા. ૨૩-૧૦-૨૦૧૭ને સોમવારના રોજ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૬-૧૦-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : બ્રહ્માકુમારીઝ, શિવશક્તિ ભવન, પ્લોટ નં.૭૫૧, સેક્ટર-૨૮, ગાંધીનગર**

**બ્રહ્માકુમાર રાજેશ સી. શ્રીમાળી ભાવેશ સી. શ્રીમાળી (ઈસરો)**
**રશ્મીકાન્ત એન. આચાર્ય ગાયત્રી આર. આચાર્ય**






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com